# ઘરે શીખીએ

## ધોરણ ૫

**જુલાઈ, ૨૦૨૦**




વિદ્યાર્થીનું નામઃ ______________________________

વાલીનું નામઃ ____________________ મોબાઈલ નંબરઃ ____________________

શાળાઃ ______________________________

ગામ/શહેરઃ ______________________________

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

GCERT
Gandhinagar

## નિર્માણ પ્રક્રિયાના સહયોગી


**સંકલ્પના અને માર્ગદર્શન** : શ્રી પી. ભારતી, IAS
નિયામકશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગર
ડૉ. ટી. એસ. જોષી
નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

**સંયોજન** : શ્રી પાર્થેશ પંડ્યા, આઈટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર

**લેખન** : શ્રીમતી બિંદુબા ઝાલા, બ્રહ્મદીપ ટ્રસ્ટ, રાજપુર
ડૉ. અમૃતા બધેકા; શ્રી પાર્થ તેરૈયા; શ્રી પાર્થેશ પંડ્યા; શ્રીમતી શિવાની જૈન
આઈટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર

**પરામર્શન** : શ્રી હરેશભાઈ ચૌધરી, રીચ ટુ ટીચ, ગાંધીનગર
શ્રી હિરેનભાઈ વ્યાસ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારી
શ્રી નીતિનભાઈ દલવાડી, જી.સી.ઈ.આર.ટી.

**ડીઝાઈન** : ચારકોલ ધ સ્ટુડીઓ, અમદાવાદ

---

**સહયોગ** : જી. સી. ઈ. આર. ટી; સમગ્ર શિક્ષા અભિયાન; યુનિસેફ, ગાંધીનગર



© ૨૦૨૦ જી. સી. ઈ. આર. ટી; સમગ્ર શિક્ષા અભિયાન, યુનિસેફ;
આઈટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર



આવૃત્તિ- જુલાઈ ૨૦૨૦, ગુજરાત


## બાળમિત્રો,

આશા રાખીએ છીએ કે તમે કુશળ હશો. ચોમાસાની ઋતુ ચાલી રહી છે. વરસાદ પણ સરસ પડી રહ્યો છે. પહેલા માસનું “ઘરે શીખીએ” સાહિત્ય તમે ઉપયોગ કરેલ હશે. અને તમને મજા પણ આવી હશે. તમારો અભ્યાસ સારી રીતે ચાલી રહ્યો હશે.

હવે અમે “ઘરે શીખીએ”નું બીજું મોડ્યુલ મોકલી રહ્યાં છીએ. આ વખતે થોડો વધુ અભ્યાસ કરીશું. તમારે થોડી મહેનત પણ કરવાની છે. કેટલાંક વિડીયો હશે જે તમારે QR કોડ દ્વારા સ્કેન કરીને જોજો. તમને કોઈ મુશ્કેલી પડે તો તમારા શિક્ષકને ફોન કરજો. તમે કઈક નવું શીખો તો પણ તમારા શિક્ષક સાથે ચર્ચા કરજો. ચાલો ત્યારે શરું કરીએ?....

**વાલીમિત્રો,**


નમસ્કાર, આપનું બાળક હાલ ઘરે રહી ભણી રહ્યું છે. તેનું શિક્ષણ ન બગડે તે માટે આપણે સૌ મથી રહ્યાં છીએ. જો આપના બાળકને સરખું વાંચતાં કે વાંચેલું સમજતાં ન ફાવે તો તેને મદદ કરજો. હાલ તમારે બાળકના વાલી ઉપરાંત માર્ગદર્શક પણ બનવાનું છે. વાલી મિત્રો આ સાથે આપણે બીજું એ પણ ધ્યાન રાખવાનું છે કે બાળકને સમયસર પોષણયુક્ત આહાર મળતો રહે. ભણવાની સાથે સાથે તેનો શારિરીક વિકાસ પણ અટકે નહીં તે માટે યોગ, કસરત અને રમત-ગમત જેવી પ્રવૃત્તિઓ પણ કરે તેનું ધ્યાન રાખવું. બાળક સાથે તેના શીખવાના અનુભવોની વાતચીત કરવી.

આ સંપુટનાં છેલ્લા પાને બાળકની પ્રવૃત્તિઓની નોંધ કરવા માટેનું એક પત્રક આપેલ છે. જે તમારે ભરવાનું છે.

| વિષય | પ્રકરણ | કેટલો સમય જશે? કલાકમાં | બાળકો શું શીખશે? | પ્રવૃત્તિ માટે જરૂરી સામગ્રી |
|---|---|---|---|---|
| આસપાસ | સાપ અને મદારી | ૩ | - પ્રાણીઓની વિશિષ્ટતાઓ અને અસામાન્ય લક્ષણો (દૃષ્ટિ, ગંધ, શ્રવણ, અવાજ વગેરે) અને તેમના પ્રકાશ, ધ્વનિ અને ખોરાક પ્રત્યેના પ્રતીચારોને વર્ણવે છે. | – |
| ગુજરાતી | પર્વત તારા | ૩ | - વાર્તા, ગીતો, કાવ્યો, વર્ણનો, વાતચીત, નાટકો, વાંચી અને સમજી શકે છે. (ગીત અને કાવ્યના સંદર્ભે)<br>- કાવ્યો, ગીતોનું ભાવવાહી પઠન, ગાન, અભિનય અને મુખપાઠ કરી શકે છે | રંગો |
| | મહેનતનો રોટલો | ૩ | - વાર્તા, ગીતો, કાવ્યો, વર્ણનો, વાતચીત, નાટકો, વાંચી અને સમજી શકે છે. (વાર્તા અને વાતચીતના સંદર્ભે)<br>- યોગ્ય વિરામચિહ્નો અને માન્ય જોડણી સાથે મરોડદાર લેખન કરી શકે છે.<br>- શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી વિરામચિહ્નો સાથે માન્ય જોડણી સાથે શ્રુતલેખન કરી શકે છે. (અહીં શ્રુતલેખનની બદલે લેખનના સંદર્ભમાં) | |
| ગણિત | આકાર અને ખૂણા | ૩ | - ખૂણાઓ અને આકારોનો ખ્યાલ મેળવે છે.<br>- ખૂણાઓને કાટકોણ, લઘુકોણ અને ગુરુકોણમા વર્ગીકૃત કરે છે. તેમજ તેને દોરીને/ટ્રેસ કરીને રજુ કરે છે.<br>- આસપાસના પર્યાવરણમાં જોવા મળતા ખૂણાઓને કાટખૂણા, લઘુકોણ, ગુરુકોણ સ્વરૂપે દર્શાવે છે. | ૧૫ મીટર લાંબી દોરી, દીવાસળીની પેટી, બટન, કોણમાપક સાયકલની વાલ્વ ટ્યુબ |
| | કેટલાં ચોરસ | ૩ | - આકારો અને ચિત્રોમાં જોવા મળતી પેટર્ન ઓળખે છે વસ્તરે છે અને તે મુજબ નવી પેટર્ન રચે છે. | કોરો કાગળ દીવાસળીની પેટી, વાલ્વ ટ્યુબ |
| हिन्दी | गीनती २१-५० | २ | - २१ से ५० तक के अंको का श्रवण एवं वाचन के जरिए समझ | – |
| | नन्हा मुन्ना राही | ३ | - गीत का श्रवण एवं वाचन का जरीए अर्थग्रहण<br>- व्यक्तिगत एवं सामूहिक रूप में काव्य गान | – |
| English | Four, Five, Six Seven, Eight, Nine | ૨ | - Rhymes, Action Songs ગાઈ અને તેનો રસાસ્વાદ માણે છે.<br>- (Who, Where, When, What, How many) પ્રશ્નો પૂછે અને તેવા પ્રશ્નોના જવાબ આપે છે. | – |

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| **૧.** | **આસપાસ** | |
| | સાપ અને મદારી | ૫ |
| **૨.** | **ગુજરાતી** | |
| | પર્વત તારા | ૧૦ |
| | મહેનતનો રોટલો | ૧૩ |
| **૩.** | **ગણિત** | |
| | આકાર અને ખૂણા | ૧૪ |
| | કેટલાં ચોરસ | ૨૨ |
| **૪.** | **હિન્દી** | |
| | गीनती २१-५० | ૨૪ |
| | नन्हा मुन्ना राही | ૨૫ |
| **૫.** | **અંગ્રેજી** | |
| | Four, Five, Six, Seven, Eight, Nine | ૨૬ |

# ૧ સાપ અને મદારી

**શું આપ જાણો છો?**

**સાપ હવામાંથી આવતા અવાજને સાંભળી નથી શકતા :**

તમે ક્યારેય ફિલ્મમાં મદારીની બીન ઉપર સાપને આમ-તેમ ડોલતો જોયો છે? ત્યારે આપણને થાય છે કે સાપ બીનના અવાજના તરંગોથી પ્રેરાઈને ડોલે છે. પરંતુ હકીકતમાં સાપને બહાર દેખાય તેવા કાન કે કાનની જગ્યાએ કાણું પણ નથી. એટલે તે હવામાંથી આવતા સીધા અવાજો કાન મારફતે નથી સાંભળી શકતો નથી. આના વિકલ્પમાં કુદરતે તેને વિશિષ્ટ શક્તિ આપી છે. હવામાંથી આવતા અવાજના તરંગો તેની ચામડી પર અથડાય છે. તેની ચામડી પર અવાજના તરંગો અથડાવવાથી ધ્રુજે તેવી ચેતાઓ જેવી રચના છે જે સાપની કરોડ સાથે જોડાયેલ છે. જેના દ્વારા તે ધ્રુજારી એટલે કે અવાજના તરંગો મગજ સુધી પહોંચે છે. એટલે સાપ હવામાંથી આવતા અવાજો સાંભળતો નથી; પણ અનુભવે છે, એમ કહેવું વધુ યોગ્ય છે. જ્યારે જમીન ઉપરથી આવતા અવાજને ખૂબ જ સંવેદનશીલ રીતે તે અનુભવી શકે છે. જમીન ઉપરના અવાજો, પેટની ચામડીનાં ભીંગડાંઓ ઉપરથી અનુભવી શકે છે. વળી, તેની નીચેના જડબાં ઉપર પણ હવામાંથી આવતા અવાજના તરંગો ઝીલીને અંદરના કાનના હાડકાં સુધી પહોંચાડે છે અને સાંભળે છે.

**પ્રવૃત્તિ – ૧ : વર્ગીકરણ કરો.**

મિત્રો, અહીં કેટલાંક પ્રાણીઓના નામ આપેલાં છે. આ પ્રાણીઓનું પાલતું પ્રાણી અને જંગલી પ્રાણીમાં વર્ગીકરણ કરવાનું છે.

સિંહ, વાંદરો, હાથી, ગાય, ચિત્તો, ઘોડો, વરુ, બકરી, કૂતરું


| | |
|---|---|
| પાલતું પ્રાણી | |
| જંગલી પ્રાણી | |

**પ્રવૃત્તિ – ૨ : શોધો તો જાણું**

મિત્રો, નીચે થોડાંક પ્રાણીઓના ચિત્ર તથા તેને ઓળખવાં માટેનાં પ્રશ્નો આપેલાં છે. પ્રશ્નોની બાજુમાં સાચાં પ્રાણીને ઓળખી તેનું નામ લખો.








સિંહ, હાથી, વાંદરો, કૂતરો, સાપ, વીંછી,

- હું જંગલના રાજા તરીકે ઓળખાઉં છું. અને તમે મને પ્રાણી સંગ્રહાલયમાં પણ જોયો હશે. ____________
- હું પેટે સરકીને ચાલું છું. તમે મને ક્યારેક ખેતરમાં કે પ્રાણી સંગ્રહાલયમાં પણ જોયો હશે. ____________
- મને પાલતું પ્રાણીઓમાં સૌથી વફાદાર પ્રાણી તરીકે ઓળખવામાં આવે છે. ____________

- હું મહાકાય શરીર ધરાવું છુ. તમે મને પ્રાણીસંગ્રહાલયમાં કેળાં ખાતાં પણ જોયો હશે. ____________
- હું ખૂબ સરસ કૂદાકૂદ કરી શકું છું. પ્રાણી સંગ્રહાલયમાં કે ઝાડ પર કૂદાકૂદ કરતાં પણ જોયો હશે.
- મારે ૮ પગ છે અને મને કોઈ છંછેડે તો સ્વબચાવમાં ક્યારેક ડંખ પણ મારી બેસું છું. ____________

  મિત્રો, ઉપરનાં ઘણાં બધાં પ્રાણીઓને તમે ક્યારેય મનોરંજન માટે ઉપયોગમાં લેવાતાં જોયાં છે? (ઉદાહરણ તરીકે સર્કસમાં, રોડ પર અથવા પ્રાણીસંગ્રહાલયમાં?) ક્યારે?

---

---

ક્યા પ્રાણીઓના ખેલ તમે જોયા છે?

---

---

લોકો ખેલ-તમાશામાં પ્રાણીઓ સાથે કેવો વ્યવહાર કરે છે?

---

---

કોઈ પ્રાણઓને કોઈ ખીજવતું હતું? કેવી રીતે?

---

---

ખેલ જોયા પછી તમારા મનમાં કેવા પ્રશ્નો થયા હતા?

---

---

**પ્રવૃત્તિ – ૩ : વાક્યો પૂરાં કરો**

મિત્રો, કલ્પના કરો કે તમે કોઈ પ્રાણીસંગ્રહાલયનાં પાંજરામાંના એક પ્રાણી છો. વિચારો, તમને કેવો અનુભવ થશે? હવે નીચે લખેલા વાક્યો પૂર્ણ કરો.



હું ડરું છું જ્યારે ______________________________

______________________________

______________________________

હું ઇચ્છું છું કે હું ______________________________

______________________________

______________________________

હું દુ:ખી હોઉં છું જ્યારે ______________________________

______________________________

______________________________

જો મને તક મળે તો હું ______________________________

______________________________

______________________________

મને તે જરાય પસંદ નથી જ્યારે ______________________________

______________________________

______________________________

મિત્રો, તમને ખબર છે હવે સરકારે પ્રાણીઓને પકડવાનો અને તેમને પાસે નહીં રાખવાનો કાયદો બનાવી દીધો છે. કેટલાંક લોકો પ્રાણીઓને મારીને તેમના અંગો જેવાકે હાથીના દાંત, ગેંડાનાં શીંગડા, ઘણા પ્રાણીઓની ચામડી વગેરે મોંઘા ભાવે વેચે છે.

આ કાયદા મુજબ કોઈ પણ વ્યક્તિ સાપને પકડી અથવા રાખી શકશે નહીં. સરકારના આ કાયદા વિશે તમે શું વિચારો છો? શું તમને આ કાયદો યોગ્ય લાગે છે?


તમે કદાચ સાપ જોયો હશે. આપણા રાજ્યમાં અંદાજે ૫૩ પ્રકારના સાપ જોવા મળે છે. તેમાંથી માત્ર ૪ પ્રકારના સાપ જ ઝેરી છે. ચાલો, આપણે આ ચારેય પ્રકારના સાપને ઓળખીએ.

**૧. નાગઃ (કોબ્રા)**



આ સાપની ઓળખ સાવ સહેલી છે. આ સાપ ફેણ ચડાવી શકે છે. તેની લંબાઈ લગભગ દોઢ મીટર (૫ ફૂટ) જેટલી હોય છે. તેનો રંગ ભૂખરો અને થોડો કાળો હોય છે. ગુજરાતમાં લગભગ દરેક જિલ્લામાં જોવા મળે છે. આ સાપ ખૂબ શરમાળ છે. ઝડપથી ચાલે છે. અને જો તેને છંછેડવામાં આવે તો જ કરડે છે. કિંગ કોબ્રા (નાગરાજ) એ નાગ પ્રકારના સાપમાં ખૂબ મોટો સાપ છે, જે ગુજરાતમાં જોવા મળતો નથી.

**૨. કાળોતરોઃ**



આ સાપને ઓળખવાની સહેલી રીત તેના શરીર પર આવેલ સફેદ રીંગ છે. કાળોતરો પ્રકારના સાપના શરીર પર લગભગ ૪૨ જેટલી રીંગ આવેલી હોય છે. લગભગ ૪ થી ૫ ફૂટના આ સાપનો રંગ કાળો હોય છે. તે ઝડપથી ચાલે છે. આ સાપ નાગ કરતા વધુ ઝેરી છે. તે પ્રમાણમાં શરમાળ છે. છુપાઈને રહે છે. અને જ્યાં સુધી છંછેડવામાં ન આવે ત્યાં સુધી તે કરડતો નથી.

**૩. રસેલ વાઈપર (ખડચિતળો)**



આ સાપ પ્રમાણમાં વધુ આક્રમક છે. આ સાપ લગભગ દોઢ મીટર (૪ ફૂટ) જેટલી લંબાઈ ધરાવે છે. માથું ત્રિકોણ છે. શરીર પર ઈંડાં આકારના લંબગોળ મોટા મીંડાં હોય છે. તેનો રંગ લગભગ ઘાસ જેવો હોય છે. માણસોની વધુ નજીક રહે છે. ડર લાગે ત્યારે શરીર સંકોરી લે અને પછી સ્પ્રિંગની જેમ આક્રમણ કરે! તેને જયારે ભય લાગે છે ત્યારે તે એક પ્રકારનો અવાજ કરે છે.

**૪. સો-સ્કેલ વાઈપર (ફૂરસો)**



ચારેય સાપમાં આ સૌથી નાનો સાપ છે. માંડ દોઢથી બે ફૂટનો સાપ હશે. ગુજરાતના ઘણા વિસ્તારમાં આ સાપને પડકું પણ કહે છે. કાંટાવાળાં ઝાડ કે છોડ પર કે પછી પથ્થરની નીચેથી આ સાપ જોવા મળે તો નવાઈ નહીં. તેનું ત્રિકોણ જેવું મોં ગરદનથી જુદું હોય તેવું લાગે! ઘઉંવર્ણા શરીર પર બહારની બાજુ લંબાતી હોય તેવી સફેદ રંગની ભાત જોવા મળે. તમને ખબર છે કે આ સાપ બચ્ચાંને જન્મ આપે?

આ સિવાય તમે કયા કયા સાપને ઓળખો છો? નીચે બીજા ચાર પ્રકારના સાપના નામ લખો. જરૂર પડે તો ઘરમાં કોઈને પૂછીને લખો.

૧. ____________________ ૩. ____________________

૨. ____________________ ૪. ____________________

# ૧ પર્વત તારા

તમારા પાઠયપુસ્તકમાં આપેલી કવિતા વાંચો. આ કવિતામાં કવિ કુદરતની વિશાળતાની વાત કરી રહ્યાં છે. તેમને કુદરતમાં ઈશ્વરના દર્શન થઈ રહ્યા છે. જેમ સૂર્ય-તારા-ચાંદ સંતાકૂકડી રમીને દિવસ અને રાત કરે છે. પર્વતો જાણે ઈશ્વરનાં વિશાળ ખભાઓ સમાન છે. અને સરોવરને તેની આંખો સાથે સરખાવી છે. દરિયાની વિશાળતાને દિલની વિશાળતા ઉપમા આપી છે. કુદરત મેઘધનુષ્યના રંગોમાં રંગાયેલી છે. અને વિવિધ પ્રકારની સુગંધો ફુલ સ્વરુપે સમાયેલી છે. અનેકવિધ પક્ષીઓ-પ્રાણીઓ-પતંગિયાઓ કુદરતને સમૃદ્ધ બનાવે છે. તેઓના વિવિધ અવાજો જાણે મુગટ પરનાં મોરપીંછ સમાન છે. આ સમગ્ર વિશ્વને કોણ ચલાવે છે?

કવિએ આ કવિતામાં પોતાની કલ્પનાઓ દ્વારા કુદરતને ઈશ્વર સાથે સરખાવેલી છે. હવે, તમારે તમારી કલ્પનાઓની કુદરતને ચિત્રમાં ઉતારવાની છે. નીચે આપેલી જગ્યામાં તમારી કલ્પનાઓની કુદરતને ચિતરો અને તેમાં તમને મનગમતાં રંગો પુરો. અને તેની નીચે આપેલી જગ્યામાં તમારી કલ્પનાને લખવાનો પ્રયત્ન કરો.

**જાપાનમાં કવિતાનો એક પ્રકાર છે, હાઈકુ. જેમાં ત્રણ હાર હોય છે.**

૧. પહેલી હારમાં પાંચ અક્ષર
૨. બીજી હારમાં સાત અક્ષર
૩. ત્રીજી હારમાં પાંચ અક્ષર.

ઉદાહરણ તરીકે,

સવાર પડે

આકાશે ઝળહળે,

ને, સાંજે સુવે!

બોલો, આ કોણ છે? ________________

તમારે આવા જ પાંચ કુદરતી તત્ત્વો માટે આવાં જ હાઈકું પ્રકારનાં ઉખાણાં બનાવો. ત્યાર બાદ ઘરે બધા જ સભ્યોને આ ઉખાણા પૂછો.

૧. ________________

________________

________________

બોલો, આ કોણ છે? ________________

૨. ________________

________________

________________

બોલો, આ કોણ છે? ________________

૩. ________________

________________

________________

બોલો, આ કોણ છે? ________________

૪. ______________________________

______________________________

______________________________

બોલો, આ કોણ છે? ______________________________

૫. ______________________________

______________________________

______________________________

બોલો, આ કોણ છે? ______________________________

તમે આ હાઈકુ પ્રકારનાં ઉખાણાં બનાવવામાં ઘણા નવા નવા શબ્દો શીખશો. ક્યારેક સરખા લગતા શબ્દોમાં ક્યાંક એકાદ અક્ષર જુદો હોય તો તેનો અર્થ જુદો જ થઈ જાય છે. જેમ કે,

દિન એટલે દિવસ અને દીન એટલે ગરીબ!

એટલે કે જો મારે કહેવું હોય કે, "મારી નિશાળ બંધ હોવાથી મારા તો દિન જતા જ નથી!" તેની બદલે હું એમ લખું કે "મારી નિશાળ બંધ હોવાથી મારા દીન જતા જ નથી!" તો? હસવા જેવું થાય ને? નીચે કેટલાંક વાક્યો આપેલા છે. તેની બાજુમાં કૌંસમાં બે શબ્દો આપેલા છે. તેમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. જરૂર પડે તો પાઠ્યપુસ્તકના પાના નંબર ૫ પર શબ્દોના અર્થ આપેલા છે.

૧. ગુજરાતમાં આવેલું નળ _____ એ પક્ષીઓ માટેનું સુંદર સ્થળ છે. (સરોવર, શરોવર)

૨. રણ મેદાનમાં તો _____ જ શોભે. (સૂર, શૂર)

૩. મેં દવાખાનામાં જઈને _____ કઢાવ્યો. (કેશ, કેસ)

૪. એ મારું _____ વચન હતું કે હું નિયમિત વાચું. (સત, શત)

૫. હનુમાનને નાગ _____ થી બાંધીને રાવણના દરબારમાં લઈ ગયા! (પાસ, પાશ)

૬. મારી આખી વાતનો _____ એટલો જ કે અમારા ખેતરમાં _____ કામ કરી બોર કર્યો! (શાર, સાર)

(જો જો હો, છેલ્લી ખાલી જગ્યામાં બંને શબ્દો આવે છે. પણ... કયો શબ્દ ક્યાં તે તમારે વિચારીને લખવાનું છે.)

# ૨ મહેનતનો રોટલો

તમારા પાઠ્યપુસ્તકમાં પાના ૮ થી શરૂ થતી વાર્તા મહેનતનો રોટલો વાંચી જાઓ. અને વાંચ્યાં પછી તમને શું શું ન સમજાયું તે નીચે લખો. (યાદ રાખજો કે જો આખી વાર્તા સમજાઈ ગઈ હોય તો નીચે કશું લખવાનું નથી.)

૧. ____________________

૨. ____________________

૩. ____________________

આખી વાર્તામાં બે જ પાત્રો આવે છે. એક સાધુ મહારાજ અને બીજા પગરખાં સીવનાર મોચી. તમને બંનેમાંથી કોણ વધુ ગમ્યું? તેના વિશે નીચે ૫ વાક્યો લખો. સાથે એ પણ લખજો કે તમને એ શા માટે ગમ્યું.

____________________

____________________

____________________

____________________

____________________

**આખી વાર્તામાં કેટલાંક ચિહ્નો તમે જોયાં હશે. જેમ કે,**

ક) પૂર્ણવિરામ '.' કે જે વાક્ય પૂરું થાય ત્યાં વપરાય છે. ક્યારેક કોઈ શબ્દને માત્ર એક અક્ષરથી દર્શાવવો હોય તો પણ વપરાય. જેમ કે, 'ઉદાહરણ' ને બદલે ક્યારેક તમે 'ઉદા.' એવું જોયું હશે.

ખ) અલ્પવિરામ ',' કે જે વાક્યમાં વચ્ચે અટકવાનું હોય ત્યારે વપરાય છે.

ગ) પ્રશ્નાર્થ '?' કે જે વાક્યમાં પ્રશ્ન પૂછવાનો હોય ત્યારે વપરાય છે.

ઘ) ઉદગાર ચિહ્ન: '!' જયારે કોઈ આશ્ચર્ય કે અહોભાવ હોય ત્યારે વપરાય છે.

**નીચે કેટલાંક વાક્યો આપેલા છે તેમાં યોગ્ય જગ્યાએ અલ્પવિરામ મૂકવાનું છે.**

૧. અહીં થૂંકવું નહીં થૂંકનારને સજા થશે.

૨. સારા અક્ષરે લખવું નહીં તો માર્ક કાપાઈ જશે.

૩. ભારતમાં વાઘ સિંહ રીંછ હાથી જેવા જંગલી પ્રાણીઓના અભયારણ્ય આવેલા છે.

૪. એક બે ત્રણ કે ચાર જેટલા પણ હોય જમવામાં વાંધો નહીં આવે.

**નીચે એક સાદું વાક્ય આપેલું છે. તેમાં તમારે 'જ' મુકીને કેટલાં વાક્યો બનાવી શકશો?**

તમે આવતી કાલે મારા ઘરે જમવા આવજો.

૧. ____________ ૨. ____________

૩. ____________ ૪. ____________

૫. ____________ ૬. ____________

# ૧ આકાર અને ખૂણા

## પ્રવૃત્તિ – ૧ઃ કાટકોણ ત્રિકોણ બનાવીએ

### શું જોઇશે?

લાંબી દોરી ( અંદાજે ૧૫ મીટર )

### શું કરશો?

૧. તમે કોઈ માપ પસંદ કરો. એ તમારો હાથ હોઈ શકે કે પછી બારણાં વચ્ચેની જગ્યા કે પછી તમારી ઉંચાઈ.

૨. તેને દોરીથી માપીને તેના ત્રણ ગણી દોરી થાય ત્યાં એક ગાંઠ વાળી દો.


૩. હવે તે જ માપ ચાર ગણું થાય ત્યાં અને પાંચ ગણું થાય ત્યાં ગાંઠ વળી દો.

૪. તમારી દોરીમાં ત્રણ ગાંઠ હશે. તેમાંથી પહેલી ગાંઠ અને બીજી ગાંઠ એક એક બાળક દ્વારા પકડી રાખવા કહો. છેલ્લી ગાંઠને દોરીના મૂળ છેડા પાસે લઇ જાઓ.

૫. તમે જોશો કે એક કાટકોણ ત્રિકોણ તૈયાર થયો.

૬. વિચારો, કે આમ કેમ થયું?

## પ્રવૃત્તિ – ૨ઃ કોયડો- બે ચોરસ બનાવો



### શું જોઇશે?

૧૨ દીવાસળી


### શું શીખીશું?

તર્ક લગાવતા શીખીશું.

### શું કરીશું?

- ફોટામાં બતાવ્યું છે તે રીતે દીવાસળી ગોઠવો.
- અહીં કેટલા ચોરસ છે?
- હવે તમારે માત્ર બે દીવાસળી ઉઠાવી બે ચોરસ બનાવવાના છે.
- જો જો હોં દીવાસળી ઉઠાવી લેવાની છે, પાછી ગોઠવવાની નથી.

**પ્રવૃત્તિ – ૩: એકસરખા ત્રણ ચોરસ બનાવો**



**શું જોઇશે?**

૧૨ દીવાસળી

**શું શીખીશું?**


સંભાવના તપાસતા શીખીશું.

**શું કરશો?**

પ્રવૃત્તિ ૨ ની જેમ જ દીવાસળી ગોઠવો.

- તમારે કોઈ પણ ત્રણ દીવાસળીની જગ્યા બદલાવી અને એકસરખા ત્રણ ચોરસ બનાવવાના છે.
- ધ્યાન રહે દીવાસળીની માત્ર જગ્યા બદલવાની છે, ઉઠાવી નથી લેવાની.
- ત્રણ સરખા ચોરસ બનાવ્યા પછી એક પણ દીવાસળી વધવી ન જોઈએ.

**પ્રવૃત્તિ – ૪: ટાવર ઉલટાવવો**




**શું જોઇશે?**

૧૦ દીવાસળી


**શું શીખીશું?**

તર્ક લગાવતા શીખીશું.

**શું કરીશું?**

- દસ દીવાસળીનો ટાવર બનાવો. તે માટે ફોટોમાં બતાવ્યું છે તે પ્રમાણે એકની નીચે બે દીવાસળી, બેની નીચે ત્રણ અને ત્રણની નીચે ચાર દીવાસળી ગોઠવો.
- હવે તમારે માત્ર ત્રણ દીવાસળીની જગ્યા બદલીને આ ટાવર ઉલટાવી નાખવાનો છે. એટલે કે, ચાર, ત્રણ, બે અને એક એમ કરી નાખો.

**પ્રવૃત્તિ – ૫ઃ બટનને ગ્લાસમાંથી બહાર કાઢો**




**શું જોઇશે?**

૪ દીવાસળી, એક બટન


**શું શીખીશું?**

કોઈ પણ બાબતને અલગ દૃષ્ટિકોણથી વિચારતા થઈશું.

**શું કરશો?**

- તમે કોઈ માપ પસંદ કરો. એ તમારો હાથ હોઈ શકે કે પછી બારણાં વચ્ચેની જગ્યા કે પછી તમારી ઉંચાઈ.
- સૌ પ્રથમ ફોટોમાં આપ્યા મુજબ ત્રણ દીવાસળીની મદદથી અંગ્રેજીનો સી આકાર બનાવો. તેથી તે ગ્લાસ જેવું દેખાશે. તળિયાં તરફ એક દીવાસળી ઊભી મૂકો. જેથી સ્ટેન્ડ વાળો ગ્લાસ બની જશે. તે ગ્લાસની અંદર એક બટન મૂકો.
- હવે તમારે માત્ર બે દીવાસળીની જગ્યા બદલી બટન ગ્લાસની બહાર કાઢી નાખવાનું છે.

**પ્રવૃત્તિ – ૬ઃ માછલીની દિશા બદલવી**




**શું જોઇશે?**

૮ દીવાસળી

**શું શીખીશું?**


તર્ક લગાવતા શીખીશું.

**શું કરશો?**

- ચાર દીવાસળીનો ચતુષ્કોણ – શક્કરપારા જેવો આકાર બનાવો. તે માછલીનું શરીર બન્યું. તેના એક છેડે બે દીવાસળી ત્રાંસી મૂકો. તે માછલીની પૂંછડી બની. હવે મીનપક્ષ બનાવવા મોઢા સિવાયના બે ખૂણા બચ્યા ત્યાં એક એક દીવાસળી મૂકો. દીવાસળી પૂંછડી તરફ રહે તેમ ગોઠવવી.
- હવે તમારે માત્ર ત્રણ દીવાસળીની જગ્યા બદલવી માછલીની દિશા બદલી નાખવાની છે. માછલી હાલ જે દિશામાં જાય છે તેનાથી બિલકુલ વિરુધ્ધ દિશામાં તેનું મોં કરી નાખો.

તમે દીવાસળીમાંથી કેટલાય કોયડા બનાવી શકશો. અને તમે તમારા ઘરે મમ્મી-પપ્પા, દાદા-દાદી, ભાઈ-બહેનને આવા કોયડા પૂછી શકો છો. તમે જોશો કે દરેક કોયડામાં દીવાસળી કોઈને કોઈ ખૂણો બનાવે છે.

**દીવાસળીની આકૃતિઓ – ૧**




**જરૂરી સામગ્રી:** દીવાસળીની પેટી

દીવાસળીની પેટીમાંથી ૧૦ દીવાસળી લો. હવે તેમાંથી તમે જુદા જુદા આકારો બનાવો. યાદ રાખજો કે તમારા આકારો બંધ હોવા જોઈએ. બાજુની આકૃતિમાં બંધ આકારો એટલે શું તે બાજુની આકૃતિમાં જુઓ. આવા તમે કેટલાં આકારો બનાવી શકો છો? તમે તમારા આકાર અહીં દોરો. દરેકમાં કેટલી દીવાસળી છે તે પણ ગણો.

તમારા આકારમાં જેટલી દીવાસળી હોય તેટલી બાજુઓ. બે બાજુઓ વચ્ચે ખૂણો બને છે તે પણ તમે જોયું ને?

**પ્રવૃત્તિ – ૭: એક રમત**

**શું જોઇશે?**
૧૨ દીવાસળી

**શું શીખીશું?**
તર્ક લગાવતા શીખીશું.

**શું કરશો?**
આ રમત રમવા માટે તમારે તમારા ઘરમાંથી કોઈ બે સાથીની જરૂર પડશે.

- બંનેને છ – છ દીવાસળી આપો.
- હવે તમે સૂચના આપો તેમ તેઓ દીવાસળીને ગોઠવવાશે.

**સૂચનો:**
- તમારે બંધ આકાર બનાવવાનો છે.
- બધી જ દીવાસળીનો ઉપયોગ થવો જોઈએ.
- કુલ છ ખૂણા અને છ બાજુ હોવા જોઈએ.
- તમે મન પડે તેમ આકાર બનાવો.

- બંનેની દીવાસળી ગોઠવાઈ જાય એટલે જુઓ , બંનેનો આકાર એક સરખો છે?
- શું તમે કોઈ જુદો આકાર બનાવી શકો?

તમે જોયુંને કે ખૂણા સરખા , બાજુઓ સરખી પણ આકારો જુદા ! તમારા પાઠયપુસ્તકના પાના ૧૮ અને ૧૯ પરનો મહાવરો કરો.


આ ખૂણાઓ માપવાનું સાધન બનાવવાની રીત તમારા પાઠયપુસ્તકમાં આપેલી છે. આપણે પણ એક એવું સાધન બનાવીએ.

## પ્રવૃત્તિ – ૮: મારું કોણમાપક

(ખૂણાઓ માપવાના સાધનને કોણમાપક કહે છે.)

**શું જોઇશે?**

એક ચોરસ કાગળ





**શું કરશો?**

૧. તમે ચોરસ કાગળને હાથમાં લો.

૨. બાજુની આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે તેના ચારેય ખૂણાના નામ અનુક્રમે ABCD આપી દો.


૩. ખૂણો A અને ખૂણો B ઉપર તરફ રહે તેમ કાગળને રાખો.




૪. હવે કાગળના ખૂણા A ને ખૂણા B તરફ અને ખૂણા C ને ખૂણા D તરફ માત્ર વાળો. ગડી વળવાની નથી. આકૃતિ પ્રમાણે માત્ર નીચેના ભાગમાં એક નાની નિશાની જ કરવાની છે.

૫. હવે ખૂણા A ને જ્યાં નિશાની કરી છે ત્યાં લઈને એવી રીતે વાળો કે જેથી ખૂણા B પાસેનો છેડામાં એક ખૂણો બને.


૬. હવે ખૂણા C ને પણ નિશાની વાળા ભાગ પાસે કે જ્યાં ખૂણો A પણ છે ત્યાં લઇ જઈને ગાડી પડી દો.




૭. હવે ખૂણા D ને આકૃતિ મુજબ વાળો

૮. તમારા ચોરસમાં આમ ચાર ત્રિકોણ હશે.

૯. કોઈ પણ સાધન વગર આ ચારેય ત્રિકોણના દરેક ખૂણાના માપ કહી શકશો?




૧૦.આ તમારું કોણ માપક છે. જેના દ્વારા તમે ૧૫ અંશના ગુણાંકના કોઈપણ ખૂણા માપી શકશો.

તમારા ચોરસ કાગળના ચારેય ખૂણાઓ કાટખૂણા છે.

તમે આસપાસ જુઓ તમને કેટલી જગ્યાએ ખૂણાઓ દેખાય છે? તમારા પાઠ્યપુસ્તકના પાના નંબર ૨૧ પરના મહાવરાના કોષ્ટકમાં ખાલી જગ્યા પૂરો.

મને પક્ષીની ચાંચમાં ખૂણો દેખાયો.

આ સિવાય ૧૦ જગ્યા શોધી કાઢો કે જ્યાં ખૂણો દેખાતો હોય.

| | |
|---|---|
| ૧. ____________ | ૨. ____________ |
| ૩. ____________ | ૪. ____________ |
| ૫. ____________ | ૬. ____________ |
| ૭. ____________ | ૮. ____________ |
| ૯. ____________ | ૧૦. ____________ |


ગુજરાતમાં ડાંગ જિલ્લામાં વારલી ચિત્રકળા ખૂબ પ્રચલિત છે. તેઓ ખૂબ સુંદર ચિત્રો બનાવે છે. તેના ચિત્રો બનાવવાની રીત સમજવા જેવી છે. નીચે થોડાં ચિત્રો આપેલા છે. તેને ધ્યાનથી જુઓ.

૧. છોકરીના ચિત્રમાં કેટલાં ખૂણા છે? ____________

૨. શું તેમાં કોઈ ખૂણો કાટખૂણા કરતા મોટો છે? ____________

૩. ઘોડાના ચિત્રમાં કેટલાં ખૂણા છે? ____________

૪. શું તેમાં કોઈ ખૂણો કાટખૂણા કરતા મોટો છે? ____________




નીચે આપેલા ખાનાંમાં જુદાં જુદાં વારલી ચિત્રો દોરો. વિચારો કે દોરેલી છોકરીને કમરમાંથી નીચે તરફ ઝુકેલી દોરવી હોય તો હું શું કરું? આપેલા ઘોડા પર અસવાર બેસાડી શકાય? તમારી જાણકરી માટે કેટલાંક ચિત્રો આપેલાં છે. તે જુઓ અને બીજાં ચિત્રો બનવવાનો પ્રયત્ન કરો.

**પ્રવૃત્તિ – ૯: દીવાસળીની આકૃતિઓ – ૨**


**શું જોઇશે?**

દીવાસળીની પેટી, સાઈકલની વાલ્વટ્યુબ




**શું કરશો?**

- કોઈ એક દીવાસળી લો.
- તેના છેડે વાલ્વટ્યુબનો નાનો ટુકડો લગાવી દો.
- તેના બીજા છેડે બીજી દીવાસળી લગાવો
- બસ આમ તમે એક વાર ત્રણ દીવાસળી લગાવો. અને છેલ્લે જોડી દો.
- પછી ચાર, પાંચ, છ દીવાસળીના આકારો બનાવો.
- જુઓ કયો આકાર દબાવવાથી પોતાનો આકાર બદલી દે છે? કયો આકાર બદલાતો નથી?
- તમારી આસપાસ જુઓ. નીચે કેટલાંક ચિત્રો પણ આપ્યાં છે તે જુઓ. તેમાં આ જ આકાર છે. કારણ કે તે દબાવવાથી બદલાતો નથી.








# ૨ કેટલાં ચોરસ

**એક સવાલ:**


મારી પાસે એક ચોરસ છે. તેને પણ ન દબાય એવી રચના કરવી છે. મારી પાસે એક દીવાસળી વધુ છે. હું શું કરું તો મારો આકાર દબાવવાથી બદલાય નહીં તેવો બને?



**પ્રવૃત્તિ – ૧: એક કોયડો!**

આજે આપણે એક કોયડો ઉકેલવા મથવાના છીએ. આ માટે તમારે અહીં નીચે આપ્યા છે તે પ્રમાણેના આકારો એક કોરા કાગળ પર દોરી અને કોતારવાના છે. દરેક આકારો કુલ પાંચ પાંચ ચોરસ સેન્ટીમીટરના બનેલા છે. અહીં જુઓ, એક, બે, ત્રણ, એમ ૧૨ ટુકડાઓ છે. તમારે આ ૧૨ ટુકડાઓને જોડીને  એક લંબચોરસ બનાવવાનો છે. આમ તો આ કામ સહેલું લાગે છે. પણ ચાલો કરીને જોઈએ.

હું પણ તમારી સાથે મથવા માંડું છું. અરે જુઓ જુઓ મારે તો અડધું ગોઠવાઈ ગયું...હવે આ અડધું બાકી રહ્યું. ના, ના, મારે તો ફરી કરવું પડશે. તમે કેટલે પહોંચ્યા? ... જુઓ જુઓ મારે તો થઇ ગયું... તમે ગોઠવી શક્યા? તમને ખબર છે આ ટુકડાઓને લગભગ ૨૦૦૦ કરતાં વધુ રીતે ગોઠવી શકાય છે.



https://www.youtube.com/watch?v=7tndI-9M6Po

દરેક ટુકડામાં ૫ ચોરસ છે. કુલ ૧૨ ટુકડાં છે. આમ કુલ ૬૦ ચોરસ થયા. તમે રોજ આ રમત રમો. શું દરેક વખતે એક સરખી રીતે જ ગોઠવ્યા કે કોઈ નવી રીત મળી?

મિત્રો, આ બધી જ રીતથી તમે ગોઠવો પણ દરેક વખતે તે એક સરખી જગ્યા રોકે છે. આ રોકેલી જગ્યા એટલે ક્ષેત્રફળ.

**પ્રવૃત્તિ – ૨: ચોરસના ભાગ પાડવા**

**શું જોઇશે?**


સહેજ જાડા કાગળની પટ્ટી.

**શું કરશો?**


જાડા કાગળની પટ્ટીમાંથી તમારે નીચે પ્રમાણે એક હારમાં ૫ સેમી લંબાઇ હોય તેવી ચાર હાર જેવડી પટ્ટી કાપવાની છે. આ પટ્ટી પર એક એક સેમિના ચોરસ દોરી કાઢો.

હવે તમારે આ આકૃતિના કુલ બે ભાગ કરવા હોય તો કઈ કઈ રીતે થશે?


જેમ કે, હું એક રીતે ભાગ પાડી આપું છું.



આ સિવાય તમારે બીજી ત્રણ રીતે ભાગ પાડવાના છે.



મારો મિત્ર આ આકૃતિના ભાગ આવી રીતે પાડીને લાવે છે. તે ચાલશે?



# १ गीनती २१-५०

**प्रवृत्तिः चलो खेले**

नीचे साप-सीडी की तरह एक खेल दिया गया है। आप को बिलकुल साप-सीडी की तरह ही खेलना है। और जो कहा गया है वैसे करें। जहाँ १ लिखा है वहाँ से शुरु करे।

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ४४ | ४५ | ४६ | ४७ | ४८ | ४९ आपने अपने मित्र को रुलाया, आप २५ पर जाइए | ५० |
| ४३ | ४२ | ४१ आपने आज नाखून काटे है, ४४ पर जाइए | ४० | ३९ | ३८ आप कमरे मे से बाहर जाते समय पंखा बंद करना भूल गए, २३ पर जाइए | ३७ |
| ३० | ३१ | ३२ | ३३ | ३४ आपने अपनी माँ को मदद की, ४२ पर जाइए | ३५ | ३६ |
| २९ | २८ | २७ | २६ अपने बर्तन खुद साफ किए, ३० पर जाइए | २५ | २४ | २३ |
| १६ | १७ | १८ आपको बुख़ार आ गया, आप एक बार नहीं खेलेंगे | १९ | २० | २१ | २२ आपसे काँच का ग्लास टूट गया, आप २१ पर जाइए |
| १५ | १४ | १३ आपने पक्षी को दाने डाले, ३३ पर जाइए | १२ | ११ | १० | ९ गोरैयाँ का घोसला बनाया, २७ पर जाइए |
| १ २ | ३ आपने हाथ नहीं धोये, वापस १ पर जाए | ४ | ५ | ६ आपने एक पौधा उगाया, आप सीधे १७ पर जाइए | ७ | ८ |

# २ नन्हा मुन्ना राही

आपकी हिन्दी की किताब मे एक सुंदर कविता दी गई है। आप उसे पढ़िये। यहाँ भी QR कॉड मे यही कविता गा कर सुनाई गई है। अगर आप के पास एन्ड्रोइड स्मार्ट फोन है तो QR कॉड स्कैन कर के कविता सुने।

आप जैसा एक छोटा बच्चा देश के सिपाही बनने की बात कर रहा है। अब सोच कर नीचे दिये गए सवालो का जवाब लिखिए।

१० अगर आप सिपाही होते तो क्या करते?

२० आपने कभी सिपाही को देखा है? किसी सिपाही बात की है?

३० ये कविता का सिपाही धूप मे क्या बहाने की बात करता है?

४० हमारे झंडे मे कितने रंग है? आप को कोन सा रंग पसंद है? क्यूं?

५० आप बड़ा हो कर क्या बनना चाहते हो? क्यूं?

**अपनी मातृभाषा में अनुवाद कीजिए।**










मैं एक सैनिक हुं। मैं भारत माँ की रक्षा के लिए काम करता हूँ। मैंने सियाचिन विस्तार मे काम किया है। वहाँ हमने गाँव के लोगो के लिए रास्ता बनाया। हम जब वहाँ थे तब कभी युद्ध नहीं हुआ। परंतु हम हमेशा चोकन्ने रहते थे। आप भी मेरी तरह सिपाही बन सकते हो।

https://www.youtube.com/watch?v=lypsG6tqKZA

# English

## ૧ Four, Five, Six, Seven, Eight, Nine

**My daily work : ઘડિયાળમાં દર્શાવેલ સમયને શબ્દોમાં લખો.**


| | | |
|---|---|---|
| Clean the teeth  ______________ | Take bath  ______________ | Wear new clothes  ______________ |
| Taking breakfast  ______________ | Going to school  ______________ | Study  ______________ |
| Playing  ______________ | Dinner  ______________ | Story listening  ______________ |

**નીચે આપેલાં સમયને અનુરૂપ ઘડિયાળમાં મિનીટ અને કલાકનો કાંટો દોરો અને યોગ્ય જોડકાં જોડો.**

| | |
|---|---|
| 9.00 | School time |
| 10.30 am | Waik-up |
| 5 pm | Playing |
| Six o'clock | Break-fast |
| 100 pm | Lunch |

મિત્રો, અહીં એક કવિતા આપેલી છે. તમે તે વાંચો અને સાથે સાથે આપેલા QR કોડ દ્વારા તેને સાંભળો.

Where is thumbkin (2)
Here I am, Here I am
How are you today, sir?
Very well, thank you!
Where is pointer (2)
Here I am, Here I am
How are you today, sir? (2)
Very well, thank you!
Where is Tallman (2)
Here I am, Here I am
How are you today, sir? (2)
Very well, thank you!
Where is Ringman (2)
Here I am, Here I am
How are you today, sir? (2)
Very well, thank you!
Where is Pinky (2)
Here I am, Here I am
How are you today, Ma'am? (2)
Very well, thank you!



અહીં હાથનો પંજો આપેલો છે. તેમાં તમારે દરેક આંગળાને નામ આપવાના છે. અને તે દરેક આંગળાને એવું નામ શા માટે આપેલું હશે તે તેની બાજુમાં રહેલ જગ્યામાં લખવાનું છે.

https://www.youtube.com/watch?v=JI9yryif6lQ

## વાલીઓ માટે - બાળક વિવિધ માધ્યમો દ્વારા અધ્યયન માટે કેટલો સમય પ્રવૃત્ત રહ્યું તે અહીં નોંધો.

| તારીખ | દુરદર્શન/ બાયસેગ (સમય) | પાઠ્યપુસ્તક (સમય) | "ઘરે શીખીએ"ની પ્રવૃત્તિઓ (સમય) | મોબાઇલ દ્વારા (યુ-ટ્યુબ/ QR કોડ) (સમય) | યોગ, કસરત, રમત-ગમત (સમય) | દિવસ દરમિયાન બાળકે કુલ કેટલો સમય અભ્યાસ કર્યો? | શિક્ષક સાથે ફોન પર વાત થઇ (જે દિવસે વાત થઇ હોય ત્યાં ખરાની નિશાની કરવી) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |


ગિરનાર + GTPL Digital Cable TV | Broadband ૨૭૫/ ૨૮૫
ગિરનાર + SUN DIRECT ૬૬૦
ગિરનાર + VIDEOCON d2h ૮૭૮
ગિરનાર + airtel digital TV ૫૮૯
ગિરનાર + dishtv ૧૨૭૯
ગિરનાર + TATA sky ૧૭૪૯

unicef

ITOWE
Development Foundation

419-A, Block B, Siddhraj Zori, Sargasan crossroad, Gandhinagar-382421, Gujarat, India, info@itowe.in I  www.itowe.in